सत्यमेव जयते

| | | |
|---|---|---|
| GJAH220135102011 | દાખલ તારીખ | ૨૩-૦૯-૨૦૧૧ |
| | રજિસ્ટરે લીધા તારીખ | ૨૩-૦૯-૨૦૧૧ |
| | ફેંસલ તારીખ | ૨૫-૦૮-૨૦૨૬ |
| | સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૧૪ ૧૧ ૨ |

**મહે. ૩૭ માં એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની (કોર્ટ નં.૧૫) સમક્ષ, અમદાવાદ શહેર.**
**સમક્ષ : -એચ.જે.ગઢવી**

## ક્રિ. કેસ નં. :- ૧૫૦૦૮૦૦/૨૦૧૧

**આંક-૧૧.**

| | |
|---|---|
| **ફરિયાદી** | **સરકારશ્રી** |

**વિરૂદ્ધ**

| | |
|---|---|
| **આરોપીઓ** | **નં.૧ સાજીદ શરીફભાઇ કુરેશી, ઉ.વ.૨૦,**<br>રહે.-૧૯૭૨ પીળી બિલ્ડીંગ, ચંપામીલની ચાલીની બાજુમાં, સીંધીવાડ જમાલપુર, અમદાવાદ. |
| | **નં.૨ સાજીદ ગુલામનબી કુરેશી, ઉ.વ.૨૭**<br>રહે.- આલીશાન કોમ્પલેક્ષની બાજુમાં, શેખાવાટી સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ. |
| | **નં.૩ હનીફ કરીમભાઇ કુરેશી, ઉ.વ.૨૪**<br>રહે.- ઘર નં. ૧૩૩૨/૨૨ ચંપામીલની ચાલી, એફ.ડી.હાઇસ્કુલ સામે, જમાલપુર, અમદાવાદ. |
| | **નં.૪ ગિરીરાજ કિશનલાલ પ્રજાપતી, ઉ.વ.૨૩**<br>રહે.- વિશ્વકર્મા સોસાયટી, મેહન્દી કુવા, માધુપુરા, |

| | |
|---|---|
| | અમદાવાદ. |

| | |
|---|---|
| **ગુનો:-** | **ધી ઇ.પી.કો કલમ ૪૧૧, ૧૧૪ મુજબ.** |

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે** | ઇ.ચા વિ.એ.પી.પી.શ્રી **કુ.બી.એચ.જાની** |
| **બચાવપક્ષે** | આરોપીઓ તરફે વિ. વકીલશ્રી **ઝેડ.એસ.સૈયદ** |

**-: ચુ કા દો :-**

(૧) હાલના કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તેઓની બહેરામપુરા કબાડી માર્કેટનં.ર માં આવેલ દુકાને મણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૯૫/૧૧, ૩૪૯/૧૦, ર૯૧/૧૦, ૩૧ર/૧૦, ર૦૯/૧૦, ૧૦ર/૧૧, તથા અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોટર સાયકલની ચોરીના ગુનામાં પકડાયેલ આરોપીઓએ જે મોટર સાયકલ ચોરીઓ કરેલ તેનો સ્પેર-પાર્ટસ આજથી એક વર્ષના સમય ગાળા દરમ્યાનમાં અલગ અલગ સમયે વેચાણ રાખેલ અને ચોરીનો માલ હોવાનું જાણવા છતા પોતાના અંગત હિત માટે ઓછા ભાવે ખરીદી કરી તેનું બિલ ન આપી તેમજ તેઓના ખરીદ રજીસ્ટરમાં કોઇ એન્ટ્રી ન કરી, ગુનો કર્યા વગેરે બાબતની ફરિયાદ ફરીયાદીશ્રીએ મણીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ત.ક.અમલદારે ફર્સ્ટ ગુ.ર.નં. ૧૪૪/ર૦૧૧ થી ફરીયાદ નોંધી તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાઇ આવતાં, ધી ઇ.પી.કો.કલમ- ૪૧૧, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(ર) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામદાર કોર્ટ તરફથી આરોપીઓ વિરૂઘ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીઓને સમન્સ બજતા આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલ ક્રિ.પ્રો.કોડની કલમ-ર૦૭ અન્વયે વિના મુલ્યે પુરી

પાડયાની ખાતરી કર્યા બાદ આંક–૩ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આંક–૪ થી ૭ પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ હાલનો ગુનો કબુલ ન હોવાનું જણાવતા સદરહું કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ છે.

(૩) ફરિયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ મો.આરીફ ફરીદભાઇ સૈયદનાઓની સોગંદ ઉપરની જુબાની | ૮ |
| ૨ | સાહેદ અબ્દુલ રઉફ અબ્દુલ લતીફ શેખનાઓની સોગંદ ઉપરની જુબાની | ૯ |

(૪) ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાને ઘ્યાને લેતાં, આરોપીઓનું ક્રિ.પ્રો.કોડ કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. જેમાં સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામે આરોપીઓ સામેનો કેસ ફરિયાદપક્ષે રજુ પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીઓને કાયદામાં ઠરાવેલ સજા કરવા અરજ કરેલ છે. જયારે આરોપીઓ તરફેના વિ.વ.શ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય આરોપીઓને તેનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## –: <u>મુદ્દા</u> :–

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તેઓની બહેરામપુરા કબાડી માર્કેટનં.ર માં આવેલ દુકાને મણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૯૫/૧૧, ૩૪૯/૧૦, ૨૯૧/૧૦, ૩૧૨/૧૦, ૨૦૯/૧૦, ૧૦૨/૧૧, તથા અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોટર સાયકલની ચોરીના ગુનામાં પકડાયેલ આરોપીઓએ જે મોટર સાયકલ ચોરીઓ કરેલ તેનો સ્પેર–પાર્ટસ આજથી એક વર્ષના સમય ગાળા દરમ્યાનમાં અલગ અલગ સમયે વેચાણ રાખેલ અને ચોરીનો માલ હોવાનું જાણવા છતા પોતાના અંગત હિત માટે ઓછા ભાવે ખરીદી કરી તેનું બિલ ન આપી તેમજ તેઓના ખરીદ રજીસ્ટરમાં કોઇ એન્ટ્રી ન કરી ગુનો કરી, ધી ઇ.પી.કો.કલમ– ૪૧૧, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબ છે.

<u>મુદ્દા</u> નં.૧ : નકારમાં.

<u>મુદ્દા</u> નં.ર : આખરી હુકમ મુજબ.

## <u>–: કારણો :–</u>

**<u>મુદ્દા નં.૧</u> :–**

(૮) આ કામે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે આંક–૮ થી સાહેદ મો.આરીફ ફરીદભાઇ સૈયદનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ૨૦૧૧ ના વર્ષ માં પોલીસે તેમની પુછપરછ કરેલી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. પોલીસે તેઓની પુછપરછ કરેલી પરંતુ તેઓએ મોટરસાયકલની ચોરી તથા સ્પેરપાર્ટના વેચાણ બાબતેની કોઇને હકીકત બતાવેલી નહી કે આ બાબતે તેઓ કાંઇ જાણતા નથી. સાહેદને પોલીસ રૂબરૂ આપેલા નિવેદનની વિગત જણાવી પુછતા સાહેદ ગ્રાહય રાખતા નથી.

બચાવપક્ષે સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા મુખ્યત્વે એ હકીકતનો સ્વિકાર કરે છે કે , બનાવ કઇ તારીખે અને શેના માટે બનેલ તેની તેમને જાત માહિતી નથી. પોલીસે તૈયાર લખાણમાં તેમની સહી લીધેલ. તેમને કોઇ પણ જાતનો મુદ્દામાલ પણ બતાવવામાં આવેલ નથી.

(૯) આ કામે ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે આંક–૯ થી  સાહેદ અબ્દુલ રઉફ અબ્દુલ લતીફ શેખનાઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ૨૦૧૧ના વર્ષમાં પોલીસે તેઓની પુછપરછ કરેલી. તેઓ આરોપીઓને ઓળખતા નથી. પોલીસે તેમની પુછપરછ કરેલી પરંતુ તેઓ મોટરસાયકલની ચોરી તથા સ્પેરપાર્ટના વેચાણ બાબતેની કોઇને હકીકત બતાવેલી નહી કે આ બાબતે તેઓ કાઇ જાણતા નથી. સાહેદને પોલીસ રૂબરૂ આપેલા નિવેદનની વિગત જણાવી પુછતા સાહેદ ગ્રાહય રાખતા નથી.

બચાવપક્ષે સદરહુ સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા મુખ્યત્વે એ હકીકતનો સ્વિકાર કરે છે કે, બનાવ કઇ તારીખે અને શેના માટે બનેલ તેની તેમને જાત માહિતી નથી. પોલીસે તૈયાર લખાણમાં તેમની સહી લીધેલ. તેમને કોઇ પણ જાતનો મુદ્દામાલ પણ બતાવવામાં આવેલ નથી.

**પુરાવાનું મુલ્યાંકન અને નિષ્કર્ષ :–**

**(૧૦)** પુરાવાનું મૂલ્યાંકન શબ્દ ભારતીય પુરાવા ધારામાં કોઈપણ જગ્યાએ વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. પુરાવાનું મૂલ્યાંકન ફકત અને ફકત ભારતી પુરાવા ધારા કલમ–૩ માં દર્શાવેલ " PROVED " અને " NOT PROVED " શબ્દો ઉપર અવલંબે છે . એ માટે કોઈપણ ચોકકસ નિયમ નથી. કારણકે, પુરાવાનું મૂલ્યાંકન ભાવાત્મક પ્રક્રિયા છે અને એ રીતે પુરાવાનું મૂલ્યાંકન વૈવાહરિક રીતે પ્રચલ્તિ છે. કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વ ભૂમિકા સંબંધ. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન રજુ કરી પ્રયાપ્ત પક્ષે આરોપીઓ સામેની તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

**(૧૧)** આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવો વંચાણે લેતાં, આ કામે આંક–૮ તથા આંક–૯ થી તપાસેલ સાહેદોની જુબાની ધ્યાને લેતા બનાવ કઈ તારીખે અને શેના માટે બનેલ તેની તેઓને જાત માહિતી નથી તથા તેઓએ કોઈ પણ જાતનો મુદ્દામાલ જોયેલ નથી. આ કામના ફરીયાદી/ત.ક.અમલદાર મરણ ગયેલ હોય ફરીયાદ પક્ષે તપાસી શકાયેલ નથી. તેમજ હાલના આરોપીઓ પર જે ચોરીનો માલ ચોરી કરેલ મોટર સાયકલના સ્પેરપાર્ટસ ચોરીનો માલ હોવાનું જાણવા છતા ખરીદેલાનો આક્ષેપ છે. તે ચોરીના ગુનામાં નોંધાયેલ કેસ નં.૯૩૯/૨૦૧૧ ના કેસમાં આરોપીઓ વિરૂધ્ધ સદર મુદ્દામાલ ચોરીનો હતો તે ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે. આમ, જયારે હાલના આરોપીઓ પર ચોરીનો મુદ્દામાલ ખરીદવાનો આક્ષેપ છે ત્યારે સદર માલ મોટર સાયકલના સ્પેરપાર્ટસ જ ચોરીના હોવાનું પુરવાર થતુ ન હોય ત્યારે હાલના આરોપીએ ચોરીનો માલ ખરીદ્યા હોવાનું માની શકાય નહીં. જે સંજોગોમાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ *ન હોય* આ કામે ફોજદારી કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરિયાદ પક્ષે

આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ અને કેસમાં રજુ થયેલ દરેક પુરાવા અને સંજોગોની કડી એકબીજા સાથે મળી પુરાવાની સંપૂર્ણ સાંકળ પુરવાર થવી જોઇએ. **ઓથોરીટી ૨૦૦૭(૨) જી.એલ.એચ.૨૧૬ ના પ્રસ્થાપિત સિધ્ધાંત** મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ તમામ વ્યાજબી શંકાઓથી પર સાબિત કરવાનો રહે છે. આમ, ફરિયાદ પક્ષના રજુ પુરાવાથી આ કામના આરોપીઓ વિરૂધ્ધ **ધી ઇ.પી.કો.કલમ–૪૧૧, ૧૧૪** મુજબના ગુન્હાના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર થતા ન હોય,મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: <u>આ ખ રી હુ ક મ</u> :–**

આ કામના **આરોપીઓ :– નં.૧ સાજીદ શરીફભાઇ કુરેશી, ઉ.વ.૨૦,** રહે.–૧૯૭૨ પીળી બિલ્ડીંગ, ચંપામીલની ચાલીની બાજુમાં, સીંધીવાડ જમાલપુર, અમદાવાદ, **નં.૨ સાજીદ ગુલામનબી કુરેશી, ઉ.વ.૨૭,** રહે.– આલીશાન કોમ્પલેક્ષની બાજુમાં, શેખાવાટી સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ, **નં.૩ હનીફ કરીમભાઇ કુરેશી, ઉ.વ.૨૪,** રહે.– ઘર નં. ૧૩૩૨/૨૨ ચંપામીલની ચાલી, એફ.ડી.હાઇસ્કુલ સામે, જમાલપુર, અમદાવાદ, **નં.૪ ગિરીરાજ કિશનલાલ પ્રજાપતી, ઉ.વ.૨૩,** રહે.– વિશ્વકર્મા સોસાયટી, મેહન્દી કુવા, માધુપુરા, અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડનીહે. મ.નં. ૩૬, હિદાયત પાર્ક સોસાયટી, ડુંગરવાડા રોડ મોડા કલમ– ૨૪૮(૧) અન્વયે **ધી ઇ.પી.કો.કલમ–૪૧૧ , ૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું .

આરોપીઓના ટ્રાયલ સમયના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ અગાઉ આપેલ જામીન સંભવિત અપીલ થવાના કિસ્સામાં જે આ હુકમ તારીખથી છ માસ સુધી અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો વચગાળાનો હુકમ થયેલ

હોય તો તેને કાયમ કરવાનો અન્યથા માલીકીની ખરાઇ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૮/૨૦૨૬ ( એચ.જે.ગઢવી )
અમદાવાદ. ૩૭માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
(કોર્ટ નં.૧૫) અમદાવાદ શહેર.
કોડ નં.જી.જે.૦૧૫૧૯